ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન

જૂન 2010

વારંવાર પૂછાતા પ્રશ્નો

તમાકુઓના વિક્રેતાઓ માટે

**1. શા માટે પ્રાંત સુગંધી સિગારિલ્લો પર પ્રતિબંધ મૂકી રહ્યો છે?**

*ધૂમ્ર મુક્ત ઑન્ટારિયો કાનૂન* અને નિયમમાં નવા સુધારાઓ:

- યુવાનોને તમાકુ પેદાશો વેચવા કે પૂરી પાડવા પરના અંકુશને મજબૂત બનાવવો અને જે સસ્તી તથા યુવાનોને આકર્ષતી હતી તેવી પેદાશને બજારમાંથી દૂર કરવી,
- તમાકુ પેદાશોના પ્રચાર અને પ્રદર્શનને શક્ય તેટલું ઓછું કરવાનું ચાલુ રાખવું,
- જેમણે ધૂમ્રપાન છોડ્યું હોય તેઓનો નિર્ણય યથાવત રહે તે માટે સહકાર આપવો અને જેઓ ધૂમ્રપાન કરવાનું ચાલુ રાખે તેમને છોડવા માટે પ્રોત્સાહન આપવું.

**2. આ ફેરફારો ક્યારે અમલી બનશે?**

જુલાઈ 1, 2010થી અમલી બનેલ સુગંધી સિગારિલ્લોના વેચાણ પર નવા પ્રતિબંધો અને સિગારેટ પેકેજિંગ માટે નવી જરૂરિયાતો ઑન્ટારિયોમાં કાયદો બની છે.

**3. પ્રાંત શા માટે એવો કાયદો ધરાવે છે જે ફેડરલ કાનૂનને મળતો આવે છે અથવા તેના જેવો જ છે?**

પ્રાંતિય કાયદો એ ઑન્ટારિયો ધારાસભામાં ફેડરલ કાનૂનની પહેલાં અલગ પ્રવૃત્તિનું પરિણામ છે. બે કાયદાઓ સમાન નથી પરંતુ એકબીજાના પૂરક છે અને અસરકારક તથા કાર્યક્ષમ અમલીકરણને ટેકો આપે છે.

**4. સિગારિલ્લો શું છે?**

સિગારિલ્લો એ નાની સિગાર છે. તેને તમાકુના પાન કે કાગળમાં વીંટાળવામાં આવે છે જે તમાકુ પેદાશ ધરાવે છે, ફિલ્ટર ધરાવતી હોઈ શકે છે અને કેટલાંક કિસ્સાઓમાં તે સિગારેટ જેવી લાગી શકે છે. સંપૂર્ણ વર્ણન માટે *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન*ના નિયમોમાં જોવા મળતી વ્યાખ્યા જુઓ.

બ્લૂંટ આવરણ એ સિગારિલ્લો ગણવામાં આવતું નથી.

**5.મેન્થોલ સુગંધી હજી પણ શા માટે માન્ય છે?**

મેન્થોલ એ સિગારેટમાં વ્યાપકપણે વપરાતી સુગંધી છે. ચૉકલેટ, વેનિલા અને બૅરી સુગંધ જેવા મોટાભાગના સુગંધી દ્રવ્યોનો ઉપયોગ નવા ધૂમ્રપાન કરનારાઓને આકર્ષવા માટે થાય છે. મેન્થોલ એ એવી સુગંધ છે જેનો ઉપયોગ ધૂમ્રપાન કરનારી સ્થાપિત અને પરિપક્વ વ્યક્તિઓ દ્વારા વિશેષરૂપે થાય છે.

**6. સિગારિલ્લો શા માટે 20 કે તેથી વધુના પેકેજમાં હોવી જરૂરી છે?**

કાયદા પ્રમાણે સિગારેટની જેમ જ સિગારિલ્લો ઓછામાં ઓછા 20નાં પૅકેજમાં પૅક થાય તે જરૂરી છે. એકાદ સિગારેટની જેમ એકાદ સિગારિલ્લોનું વેચાણ પ્રતિબંધિત છે, જેની શરૂઆત 1994માં શરૂ થઈ હતી. છૂટક વેચાતી સિગારિલ્લો પરવડી શકે તેવી હોય છે અને તે યુવાનોને આકર્ષે છે. 20 કે તેથી વધુનું પૅકેજ મોંઘું છે અને તેથી યુવાનોને ઓછું પરવડે છે જે તેના સતત વપરાશ સામે અગત્યનું અવરોધક પરિબળ છે.

**7. શું નવા કાનૂનમાં નાની સિગારનો સમાવેશ થયો છે જે માત્ર સુગંધી ટોચ કે માઉથ પીસ ધરાવે છે?**

હા, જો આ નાની સિગારનું વજન માઉથપીસ કે ટોચને બાદ કરતાં 1.4 ગ્રામ કરતાં ઓછું હોય તો તે પ્રતિબંધિત છે.

**8. તમાકુના છૂટક વેપારીઓ જુલાઈ 1, 2010 બાદ હાલના માલસામાનનું શું કરી શકે?**

પ્રતિબંધિત પેદાશોનો તમામ માલસામાન વેચાણ અને વિતરણમાંથી દૂર કરવાનો રહેશે. તમાકુના છૂટક વેપારીઓ તેમના વિતરક સાથે પરામર્શ કરી શકે છે.

**9. તેનું ઉત્પાદન અટકાવવા માટે તમે ઉત્પાદકોને કેમ ભીંસમાં લેતા નથી?**

તમાકુ એક કાનૂની પદાર્થ તરીકે જળવાઈ રહે છે. ઑન્ટારિયો તેના કાયદા ઘડતરના પ્રયાસો તમાકુના વેચાણ, પ્રચાર અને ઉપયોગને અંકુશમાં લેવાની દિશામાં થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**10. તમાકુના રજીસ્ટર્ડ વેપારીઓને આ નવા અંકુશો કેવી રીતે લાગુ પડે છે?**

તમાકુના રજીસ્ટર્ડ વેપારીઓ આ નવા અંકુશો અને પ્રતિબંધોનું પાલન કરે તે જરૂરી બનશે.

**11. જુલાઈ 1, 2010 બાદ છૂટક સિગારિલ્લો કે સુગંધી સિગારિલ્લોનું વેચાણ ચાલુ રાખવા માટે કેટલો દંડ છે?**

વિભાગ 5નું ઉલ્લંઘન
પાર્ટ I ટિકીટ – $300 વત્તા પીડિતના દંડનો સરચાર્જ અને લાગુ પડતો અદાલતી ખર્ચ.

પાર્ટ III દંડ – તે અગાઉ કોઈપણ આરોપ ન ધરાવતી વ્યક્તિ માટે $2000થી માંડીને 3 કે વધુ આરોપો ધરાવતા કૉર્પોરેશન માટે $300,000 સુધીનો હોઈ શકે છે.

વિભાગ 6.1નું ઉલ્લંઘન
પાર્ટ I ટિકીટ – $400 વત્તા પીડિતના દંડનો સરચાર્જ અને લાગુ પડતો અદાલતી ખર્ચ.

પાર્ટ III દંડ – તે અગાઉ કોઈપણ આરોપ ન ધરાવતી વ્યક્તિ માટે $2000થી માંડીને 3 કે વધુ આરોપો ધરાવતા કૉર્પોરેશન માટે $300,000 સુધીનો હોઈ શકે છે.

**12. હું *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન* અને નિયમો ક્યાં જોઈ શકું?**

ઑન્ટારિયો ગવર્મેન્ટ સર્વિસ ઑન્ટારિયો ઈ-લૉઝ વેબસાઈટ: http://www.e-laws.gov.on.ca/index.htmlની મુલાકાત લો.

**13. આ અંગે હું વધુ માહિતી ક્યાં મેળવી શકું?**

કાયદાનો અમલ કરવા માટે સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય એકમો નિરીક્ષણો કરશે અને તમાકુના છૂટક વેપારીઓ સાથે સંબંધિત ફરિયાદોની તપાસ કરશે. કાયદાનું પાલન થાય છે તે સુનિશ્ચિત કરવા માટે અથવા કાયદાનો અમલ કરવા માટે સાર્વજનિક સ્વાસ્થ્ય એકમ (Public Health Unit) અધિકારીને પરિસરમાં હંમેશ મુજબ પ્રવેશવાની પરવાનગી આપવામાં આવે છે. http://www.mhp.gov.on.ca/en/ ખાતે મિનિસ્ટ્રી હેલ્થ પ્રમોશન વેબસાઈટની મુલાકાત લો અને સ્મોક-ફ્રી ઑન્ટારિયો પર ક્લિક કરો. અથવા આપની સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય સંસ્થાને કૉલ કરો કે તેમની મુલાકાત લો.

Ontario